GJSK050002302025

| | |
|---|---|
| આંક | ૧૬ |
| કેસ દાખલ તા: | ૧૯/૦૨/૨૦૨૫ |
| કેસ રજી. તા: | ૧૯/૦૨/૨૦૨૫ |
| કેસ ફેસલ તા: | ૨૦/૦૩/૨૦૨૬ |
| સમય ગાળો: | વર્ષ–માસ–દિવસ |
| | |

**ખેડબ્રહમાના મે.એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ.ખેડબ્રહમા**

**ક્રિમી. પરચુ. અરજ નંબર : ૭૦/૨૦૨૫**

**અરજદાર :–** ગમાર પિન્ટુબેન ડો/ઓ પુનજીભાઈ ભુરાભાઈ, ઉ.વ.૩૦, ધંધો–ઘરકામ, રહે.મુ.પો.ખેડવા, તા.ખેડબ્રહમા, જી.સાબરકાંઠા.

**વિરુધ્ધ**

**સામાવાળાઓ:–**

(૧) દાવડા વિનોદભાઈ નાનજીભાઈ, ઉ.વ.૩૫, ધંધો–ખેતી તથા કોન્ટ્રાકટર, રહે.પાટડીયા, તા.ખેડબ્રહમા, જી.સાબરકાંઠા.

(૨) દાવડા નાનજીભાઈ હોમીભાઈ, ઉ.વ.૬૫, ધંધો–ખેતી, રહે.પાટડીયા, તા.ખેડબ્રહમા, જી.સાબરકાંઠા.

(૩) દાવડા લાલજીભાઈ નાનજીભાઈ, ઉ.વ.૫૦, ધંધો–ખેતી, રહે.પાટડીયા, તા.ખેડબ્રહમા, જી.સાબરકાંઠા.

(૪) દાવડા મોદીબેન વા/ઓ લાલજીભાઈ, ઉ.વ.૫૦, ધંધો–ખેતી, રહે.પાટડીયા, તા.ખેડબ્રહમા, જી.સાબરકાંઠા.

(૫) દાવડા જગદીશભાઈ સ/ઓ લાલજીભાઈ, ઉ.વ.૨૦, ધંધો–ખેતી, રહે.પાટડીયા, તા.ખેડબ્રહમા, જી.સાબરકાંઠા.

**<u>બાબત :– ઘરેલું હિંસા વિરોધી અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૨ મુજબ.</u>**

---

**અરજદાર તરફે** : વિ. વ.શ્રી એમ.પી.પરમાર.
**સામાવાળાઓ તરફે** : વિ.વ.શ્રી એ.એલ.મકવાણા.

---

**<u>:: ઠરાવ ::</u>**

(૧) અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારનું લગ્ન આ કામના સામાવાળા નં.૧ સાથે તેઓના સમાજના રીત–રીવાજ મુજબ તથા હિન્દુ શાસ્ત્રોકત વિધિથી તા.૧૧/૦૬/૨૦૧૧ ના રોજ મોજે – ખેડવા મુકામે થયેલા છે. તેઓના લગ્ન જીવનથી તેઓને સંતાનમાં ત્રણ પુત્રીઓ અને એક પુત્ર છે. જેમાં સૌથી મોટા પુત્ર અરૂણની ઉંમર ૧૨ વર્ષની છે તેનાથી નાની પુત્રી રવિનાની ઉમર ૯ વર્ષની છે ત્યારબાદ તેનાથી નાની પુત્રી આનંદીની ઉમર ૬ વર્ષ અને પુત્રી પિનલની ઉમર ૩ વર્ષની છે અને ચારેય સંતાનો હાલમાં સામાવાળાની પાસે છે. આ કામના સામાવાળા નં.૧ તેઓના પતિ, સામાવાળા નં.૨ તેઓના સસરા તેમજ સામાવાળા નં.૩ તેઓના જેઠ, સામાવાળા નં.૪ તેઓના જેઠાણી અને સામાવાળા નં.૫ જે તેઓના જેઠનો દિકરો થાય છે તેઓ તમામ અમારી સાસરીમાં સંયુકત કુટુંબમાં ભેગા રહે છે. અરજદારને લગ્ન સમયે તેઓના માતા–પિતાએ કરીયાવરમાં સોના–ચાંદીના દાગીના, વાસણ–કુસણ તથા રોકડ રકમ વિગેરે આપેલ. અરજદારના લગ્નની શરૂઆતના છ એક માસ સુધી અરજદારના પતિએ અરજદારની સાથે સારો વ્યવહાર કરેલ પરંતુ અરજદાર ને પુત્ર અરૂણનો જન્મ થયા બાદ તેઓના પતિ તેઓના સસરા જેઠ–જેઠાણીની ચઢામણીથી અરજદારને ખુબજ મારકુટ કરવા લાગેલા અને તેઓના પતિ તેમને કહેવા લાગેલ કે, તું મને ગમતી નથી તેવું જણાવી અરજદારને ખરાબ મ્હેણાં–ટાંણા મારી માનસીક અને શારીરિક ત્રાસ આપવાનું ચાલું કરેલ પરંતુ તેઓનો ઘરસંસાર ન બગડે તે સારૂ અરજદાર તેઓના પતિનો શારીરિક અને માનસીક ત્રાસ સહન કરી તેઓની સાસરીમાં રહેતી હતી સમય જતાં તેઓને બીજી ત્રણ

પુત્રીઓનો જન્મ થયેલો છતાં પણ તેઓના પતિ સસરા, જેઠ અને જેઠાણી તેમને મ્હેણાં–ટાંણા મારી અસહ્ય માનસીક ત્રાસ આપવાનું ચાલું રાખેલું અને તેમને અવાર–નવાર મારકુટ કરીને તેઓના બાળકો સાથે તેઓના પિયર તેઓના પતિ તેમને કાઢી મુકતા જેથી તેઓના માતા–પિતા અને તેઓના પિયરીયાઓ તેઓના સાસરીયાઓને સમજાવી તેમને સાસરીમાં મોકલતા હતા છતાં પણ તેઓના પતિ તેઓના સસરા અને જેઠ–જેઠાણીના વર્તનમાં કોઈ ફેરફાર થયેલો નહી ઉલ્ટાનું આજથી છ વર્ષ અગાઉ તેઓના સસરાએ તેમને મા–બેન સામી બિભસ્ત ગાળો બોલી અરજદારના માથામાં લોખંડની ડોલ મારેલી જેથી અરજદારને ગંભીર ઈજા થતાં ખેડબ્રહમા મુકામે શ્રીજી કિલનિકમાં ડૉકટર ઈશ્વરભાઈ પટેલને ત્યાં સારવાર લીધેલ જે બાબતે તેઓના પિયરીયાઓએ તેઓના સસરાને સમજાવીને કહેલ કે તમો મારી દિકરીને મારકુટ ન કરો અને સારી રીતે રાખો આવું કહેતાં તેઓના પતિ તેઓના પિયર જઈ તેઓની માતાને પણ ખરાબ બોલીને માર મારેલો જેથી તેઓના પિયરીયાઓએ સમાજના પંચોની રૂબરૂમાં મારા સાસરીયાઓને સમજાવેલા તો તે વખતે તેઓના પતિ, સસરા, જેઠ–જેઠાણી નાઓએ તેમને સારી રીતે રાખવાનું કહેતાં તેઓ તેઓની સાસરીમાં ગયેલી ત્યારબાદ થોડોક સમય તેમને મારા પતિ તથા સસરા અને જેઠ–જેઠાણીએ સારૂ રાખેલું પરંતુ થોડોક સમય ગયા બાદ મારા પતિ મોબાઈલ ફોન ચાલુ રાખી મારા પિતાને કહેતા હતા કે હું તારી દિકરીને લાકડીથી મારકુટ કરંુ છું તેમ જણાવી મારા પતિ મોબાઈલ ફોન ચાલુ રાખીને મને લાકડીથી મારમારતા જેથી અરજદારના પિતાએ અરજદારની સાસરીમાં આવીને અરજદારના પતિ તથા અરજદારના સાસરીયાઓને સમજાવેલા પરંતુ અરજદારના સાસરીયાઓના વર્તનમાં કોઈ ફેરફાર થયેલ ન હતો ઉલ્ટાનું આજથી એક વર્ષ અગાઉ અરજદાર ની જેઠાણીએ અરજદારના પતિની હાજરીમાં અરજદારનુ ગળું દબાવીને મારવાનો પ્રયત્ન કરેલો તે સમયે અરજદારના પતિએ અરજદારની જેઠાણીના મારમાંથી અરજદારને છોડાવેલ નહી ત્યારબાદ અરજદારને અરજદારના પતિએ અરજદારના બાળકો સાથે કાઢી મુકતાં અરજદાર તેઓના માતા–પિતાના ઘરે મોજે ખેડવા મુકામે આવેલ જેથી અરજદારના માતા–પિતાએ અરજદારની સાસરી પાટડીયા ગામે સમાજના પંચો ભેગા કરી સમાધાન કરેલ. તે વખતે પંચો વજાભાઈ નગાભાઈ ગમાર, રાવજીભાઈ મણાભાઈ પારઘી, વિનોદભાઈ

શામળભાઈ ગમાર, હસાભાઈ અદાભાઈ ગમાર, મણાભાઈ ભુરાભાઈ ગમાર, નાનજીભાઈ હોમીભાઈ દાવડાની રૂબરૂમાં તા.૦૫/૦૮/૨૦૨૪ ના રોજ રૂા. ૫૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર હવે પછી મારકુટ નહી કરીએ તેવી બાંહેધરી લખી આપેલ જેથી અરજદાર પાછા તેઓની સાસરીમાં ગયેલ છતાં પણ અરજદારના સાસરીયાઓના વર્તનમા કોઈ ફેરફાર થયેલા નહી ઉલ્ટાનું આજથી બે માસ અગાઉ અરજદારના પતિએ અરજદારના સસરા અને જેઠ-જેઠાણી અને જેઠાણીના પુત્ર નામે જગદિશભાઈએ અરજદારને મારકુટ કરી તને રાખવી નથી તેમ કહી અરજદારના પિયર અરજદારના બાળકો પડાવી લઈ કાઢી મુકેલ અને અરજદારને જણાવેલ કે હવે પછી તું અહિયા આવીશ તો તને જાનથી મારી નાખીશુ તેવી ધમકીઓ આપવા લાગેલ જેથી હાલની અરજી ઘરેલું હિંસા વિરોધી ધારા હેઠળ કરવાની જરૂરીયાત ઉભી થયેલ છે. આજીદીન સુધીમાં અરજદારને તેડી જવાનો પ્રયત્ન કરેલ નથી અરજદારના પતિ ખેતી અને કોન્ટ્રાકટના ધંધો કરે છે અને મહીને રૂા.૫૦,૦૦૦/- થી ઉપરની આવક ધરાવે છે અરજદારના સાસરીયાઓ ખુબજ સુખી,સંપન્ન હોવા છતા પણ મારી આજદિન સુધીમાં કોઈ ખબર,અંતર પુછેલ નથી કે સારસંભાળ લીધેલ નથી તેમ જણાવી અરજદારે સબબ અરજીમાં નીચે મુજબની દાદ માંગેલ છે કે,

(૧) અરજદારને આ કામના સામાવાળાઓ કોઈપણ પ્રકારે માનસીક કે શારીરિક ત્રાસ ન આપે તથા મૌખીક,લેખીત કે ટેલીફોનીક કે મોબાઈલ ધ્વારા કોઈપણ પ્રકારનો માનસીક ત્રાસ ન આપે તે પ્રમાણેનો ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ-૨૦૦૫ ની કલમ-૧૮ કલોઝ (૨), (૩), (૪),(૬) મુજબ અરજદારની તરફેણમાં હુકમ કરવા..

(૨) અરજદારનું પુરાવાલીસ્ટમાં રજુ રાખેલ લીસ્ટ મુજબનું સ્ત્રીધન, વાસણ, કુસણ તથા તિજોરી, પલંગ, ગાદલાઓ તથા કપડા-લત્તાં અને ચાંદીના પગના છડા, ચાંદીની ગળામાં પહેરવાની કઠી, હાથમાં પહેરવાના ચાંદીના પાંચીયા, ચાંદીની બંગડીઓ, કાનમાં પહેરવાની સોનાની બુટ્ટી અને મારું સોનાનું મંગલસુત્ર આ કામના સામાવાળાના કબજામાં હોઈ તે સ્ત્રીઘન સામાવાળાઓ વેચી ન મારે, બગાડ કે નુકશાન ન કરે તેવો હુકમ કરવા તથા અરજદારને સલામત રીતે રહેવા માટે અલગથી મકાનની સગવડ કરી આપે તથા તે મકાનમાં આ કામના સામાવાળાઓ મને અડચણ કરે – કરાવે નહી તેવો હુકમ કરવા તથા

મકાનનું ભાડું દર માસે રૂા.૫,૦૦૦/– આ કામના સામાવાળા નં.૧ નાઓ ચુકવી આપે તેવો હુકમ કરવા.

(૩) આ કામના સામાવાળાઓ તેમની સ્થાવર તેમજ જંગમ મિલકત તેઓની સંમતિ સિવાય ગીરો, વેચાણ કે બક્ષીસ ન કરે તથા તેઓની સલામતી રહે તે રીતે ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ–૧૯(૧), ક,ખ,ગ,ઘ,(૨)(૮) મુજબ આ કામના સામાવાળાઓ વિરુધ્ધ હુકમ કરવા..

(૪) અરજદારના ભરણ–પોષણ કપડા–લત્તાં તથા દવા પેટે માસીક રૂા. ૧૦,૦૦૦/– (દસ હજાર) પુરા દર માસે નિયમિત પણે આ કામના સામાવાળા નં.૧ ના હરકોઈ પ્રકારે તેઓને ચુકવી આપે તેવો ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ ૨૦૦૫ ની કલમ–૨૦, (૧) (ક) અને (ઘ) મુજબ હુકમ કરવા.

(૫) આ કામના સામાવાળાના ગુન્હાહીત કૃત્યથી અરજદારનુ લગ્ન જીવન ડામાડોર થઈ ગયેલ હોઈ જેથી સામાવાળાઓના કૃત્યોથી સતત માનસીક યાતના અને દુઃખમાં તેઓ જીવી રહેલ છે. જેનાથી તેઓ લાચાર અને નિ:સહાય પરિસ્થિતિમાં જીવી રહેલ હોય તથા શારીરિક માનસીક તથા આર્થિક મુશ્કેલીમાં મુકાઈ ગયેલ છે માટે તે અંગેના વળતર પેટે રૂા.૫,૦૦,૦૦૦/– અંકે રૂપિયા પાંચ લાખ તથા સામાવાળાના ગુન્હાહીત કૃત્યથી હાલની આ કાનુની કાર્યવાહી કરવી પડેલ હોય તેનો ખર્ચ ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ –૨૦૦૫ ની કલમ–૨૨ મુજબ સામાવાળા ચુકવી આપે તેવો હુકમ કરવા.

(૬) આ કામના સામાવાળાઓએ તેઓના પુત્ર નામે અરૂણ, પુત્રી રવિના, આનંદિ અને પિનલને જબરજસ્તીથી પડાવી છીનવી લીધેલા હોય તે તેઓના ચારેય સંતાનોને આ કામના સામાવાળાઓ રાજીખુશીથી તેઓને મળવા દે તે સારૂ ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ–૨૩ મુજબ હુકમ કરવા વિનંતી કરેલ છે તેમજ નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી અન્ય દાદ મંજુર કરવા તથા અરજીનો તમામ ખર્ચ સામાવાળાઓ પાસેથી અપાવવા વિનંતી કરેલ છે.

(૨) અરજદારની હાલની અરજી દાખલ થતાં સામાવાળાને અરજી અન્વયે હાજર રાખવા નોટીસ કરવામાં આવેલ અને સદર નોટીસ સામાવાળાઓને બજી જતા સામાવાળા તેઓના વિ.વ.રી એ.એલ.મકવાણા હાજર થઈ અરજદારની અરજી વિરુધ્ધ જવાબ રજુ કરવા મુદત માંગતા મુદત આપવામાં આવેલ. ત્યારબાદ સામાવાળા તરફે કોઇ હાજર નહી રહેતા કે અરજદારની અરજી વિરુધ્ધ કોઇ

જવાબ રજુ નહી કરતાં અરજદાર તરફે આંક-૦૮ થી સામાવાળાનો જવાબ આપવાનો હકક બંધ કરવા અરજી આપતાં સદર અરજી લગત હુકમ કરી સામાવાળાનો અરજદારની અરજી વિરુધ્ધ જવાબ આપવાનો હકક બંધ કરવામાં આવેલ છે અને સદર કામ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) અજદાર તરફે નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખીક પુરાવા:-**

| ક્રમ | સાહેદોની વિગત | આંક |
|---|---|---|
| **૧.** | અરજદાર પિન્ટુબેન ડો/ઓ પુનજીભાઇ ભુરાભાઇનુ સરતપાસનું સોગંદનામું | ૧૦ |

અરજદાર ધ્વારા આ સિવાય અન્ય કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવા ન માગતાં ન હોય આંક-૧૩ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી પોતાનો પુરાવો પુરો થયેલ હોવાનુ જાહેર કરવામાં આવેલ છે. તેમજ આ કામે અરજદાર ધ્વારા આવક અને જવાબદારીઓ બતાવવા સારૂનુ સોગંદનામું રજુ કરેલ છે.

(૪) અરજદાર તરફે વિ.વ.શ્રીની વિસ્તૃત દલીલો સાંભળી. તેઓએ તેઓની અરજી તથા પુરાવાને સમર્થીત દલીલો કરી માંગ્યા મુજબની દાદ મંજુર કરવા અરજ કરેલ છે. જયારે સામાવાળા તરફે કોઇ દલીલો રજુ કરવામાં આવેલ નથી.

(૫) પ્રસ્તુત અરજીના નિર્ણય અર્થે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદાઓ ::-**

૧. શું અરજદાર પુરવાર કરે છે કે, સામાવાળાઓએ તેઓની સાથે ઘરેલુ હિંસા આચરેલ છે?

૨. શું અરજદાર પુરવાર કરે છે કે, અરજીમાં કરેલી માંગણી મુજબની દાદ મેળવવા તેઓ હકકદાર છે?

૩. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદાઓના નીચે જણાવેલ કારણોસર મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. અંશત: હકારમાં

૨. અંશત: હકારમાં

૩. આખરી હુકમ મુજબ.

**-:: કારણો ::-**

**મુદ્દા નં.૧ અને ૨ :-**

આ કામે મુદા નં.૧ અને ૨ એકબીજા સાથે સંકળાયેલ હોય, પુનરાવર્તન ટાળવાના આશયથી બન્ને મુદાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

(૭) ઉપરોકત મુદાઓ પરત્વે આ કામે અરજદાર તરફે રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવો તથા રેકર્ડ ઉપરની હકીકતો અને સંજોગો ધ્યાને લેતાં આ કામે અરજદારનું લગ્ન સમાજના રીત–રીવાજ મુજબ હિન્દુ શાસ્ત્રોકત વિધિથી તા.૧૧/૦૬/૨૦૧૧ ના રોજ મોજે – ખેડવા મુકામે થયેલા છે. તેઓના લગ્ન જીવનથી તેઓને સંતાનમાં ત્રણ પુત્રીઓ અને એક પુત્ર છે અને ચારેય સંતાનો હાલમાં સામાવાળાની પાસે છે. આ કામના સામાવાળા નં.૧ તેઓના પતિ, સામાવાળા નં.૨ તેઓના સસરા તેમજ સામાવાળા નં.૩ તેઓના જેઠ, સામાવાળા નં.૪ તેઓના જેઠાણી અને સામાવાળા નં.પ જે તેઓના જેઠનો દિકરો થાય છે તેઓ તમામ અમારી સાસરીમાં સંયુકત કુટુંબમાં ભેગા રહે છે. તેઓના લગ્ન સમયે તેઓના માતા–પિતાએ કરીયાવરમાં સોના–ચાંદીના દાગીના, વાસણ–કુસણ તથા રોકડ રકમ વિગેરે આપેલ. અરજદારના લગ્નની શરૂઆતના છ એક માસ સુધી તેઓના પતિએ તેઓની સાથે સારો વ્યવહાર કરેલ પરંતુ તેઓના પુત્ર અરૂણનો જન્મ થયા બાદ તેઓના પતિ તેઓના સસરા જેઠ–જેઠાણીની ચઢામણીથી તેમને ખુબજ મારકુટ કરવા લાગેલા અને તેઓાન પતિ તેમને કહેવા લાગેલ કે, તું મને ગમતી નથી તેવું જણાવી મને ખરાબ મ્હેણાં–ટાંણા મારી માનસીક અને શારીરિક ત્રાસ આપવાનું ચાલું કરેલ પરંતુ તેઓનો ઘરસંસાર ન બગડે તે સારૂ તેઓ તેઓના પતિનો શારીરિક અને માનસીક ત્રાસ સહન કરી તેઓની સાસરીમાં રહેતી હતી સમય જતાં તેઓને બીજી ત્રણ પુત્રીઓનો જન્મ થયેલો છતાં પણ તેઓના પતિ સસરા, જેઠ અને જેઠાણી તેમને મ્હેણાં–ટાંણા મારી અસહય માનસીક ત્રાસ આપવાનું ચાલું રાખેલું અને તેમને અવાર–નવાર મારકુટ કરીને તેઓના બાળકો સાથે તેઓના પિયર તેઓના પતિ તેમને કાઢી મુકતા જેથી તેઓના માતા–પિતા અને તેઓના પિયરીયાઓ તેઓના સાસરીયાઓને સમજાવી તેમને સાસરીમાં મોકલતા હતા છતાં પણ તેઓના પતિ તેઓના સસરા અને જેઠ–જેઠાણીના વર્તનમાં કોઈ ફેરફાર થયેલો નહી ઉલ્ટાનું આજથી છ વર્ષ અગાઉ તેઓના સસરાએ તેમને મા–બેન સામી બિભસ્ત ગાળો બોલી તેઓના માથામાં લોખંડની ડોલ મારેલી જેથી તેમને ગંભીર ઈજા થતાં ખેડબ્રહમા મુકામે શ્રીજી કિલનિકમાં ર્ડાકટર ઈશ્વરભાઈ

પટેલને ત્યાં સારવાર લીધેલ જે બાબતે તેઓના પિયરીયાઓએ તેઓના સસરાને સમજાવીને કહેલ કે તમો મારી દિકરીને મારકુટ ન કરો અને સારી રીતે રાખો આવું કહેતાં તેઓના પતિ તેઓના પિયર જઈ તેઓની માતાને પણ ખરાબ બોલીને માર મારેલો જેથી તેઓના પિયરયાઓએ સમાજના પંચોની રૂબરૂમાં મારા સાસરીયાઓને સમજાવેલા તો તે વખતે તેઓના પતિ, સસરા, જેઠ–જેઠાણી નાઓએ તેમને સારી રીતે રાખવાનું કહેતાં તેઓ તેઓની સાસરીમાં ગયેલી ત્યારબાદ થોડોક સમય તેમને મારા પતિ તથા સસરા અને જેઠ–જેઠાણીએ સારૂ રાખેલું પરંતુ થોડોક સમય ગયા બાદ મારા પતિ મોબાઈલ ફોન ચાલુ રાખી મારા પિતાને કહેતા હતા કે હું તારી દિકરીને લાકડીથી મારકુટ કરું છું તેમ જણાવી મારા પતિ મોબાઈલ ફોન ચાલુ રાખીને મને લાકડીથી મારમારતા જેથી મારા પિતાએ મારી સાસરીમાં આવીને મારા પતિ તથા મારા સાસરીયાઓને સમજાવેલા પરંતુ અમારા સાસરીયાઓના વર્તનમાં કોઈ ફેરફાર થયેલ ન હતો ઉલ્ટાનું આજથી એક વર્ષ અગાઉ મારી જેઠાણીએ મારા પતિની હાજરીમાં મને ગળું દબાવીને મારવાનો પ્રયત્ન કરેલો તે સમયે મારા પતિએ મારી જેઠાણીના મારમાંથી મને છોડાવેલ નહી ત્યારબાદ મને મારા પતિએ મારા બાળકો સાથે કાઢી મુકતાં હું મારા માતા–પિતાના ઘરે મોજે— ખેડવા મુકામે આવેલ જેથી મારા માતા–પિતાએ મારી સાસરી પાટડીયા ગામે સમાજના પંચો ભેગા કરી સમાધાન કરેલ. તે વખતે પંચો વજાભાઈ નગાભાઈ ગમાર, રાવજીભાઈ મણાભાઈ પારઘી, વિનોદભાઈ શામળભાઈ ગમાર, હસાભાઈ અદાભાઈ ગમાર, મણાભાઈ ભુરાભાઈ ગમાર, નાનજીભાઈ હોમીભાઈ દાવડાની રૂબરૂમાં તા.૦૫/૦૮/૨૦૨૪ ના રોજ રૂા. ૫૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર હવે પછી મારકુટ નહી કરીએ તેવી બાંહેધરી લખી આપેલ જેથી હું પાછી મારી સાસરીમાં ગયેલી છતાં પણ તેઓના સાસરીયાઓના વર્તનમા કોઈ ફેરફાર થયેલા નહી ઉલ્ટાનું આજથી બે માસ અગાઉ મારા પતિએ મારા સસરા અને જેઠ–જેઠાણી અને જેઠાણીના પુત્ર નામે જગદિશભાઈએ મને મારકુટ કરી તને રાખવી નથી તેમ કહી મારા પિયર મારા બાળકો પડાવી લઈ કાઢી મુકેલ અને મને જણાવેલ કે હવે પછી તું અહિયા આવીશ તો તને જાનથી મારી નાખીશુ તેવી ધમકીઓ આપવા લાગેલ અને અરજદાર ઘણા સમયથી ઓશીયાળુ જીવન જીવી રહયા છે.

(૮) આમ, અરજદાર તરફે રજુ થયેલ ઉપરોકત મુજબનો પુરાવો ધ્યાને લેતાં, અરજદાર તથા સામાવાળાનાઓ વચ્ચે ઘરેલું હિંસા થયેલ છે કે કેમ તે સુનિશ્ચિત કરવું જરૂરી જણાય છે. જેથી અત્રેની કોર્ટ ધ્વારા પ્રથમ વિવાદીત મુદ્દો નિર્ધારીત કરવામાં આવેલ છે. જે મુદ્દાના અનુસંધાને અરજદારનો સોગંદ ઉપરનો પુરાવો વંચાણે લેવામાં આવે તો અરજદારે અરજીની હકિકતોને સમર્થન કરતો પુરાવો આપેલ છે. આ કામના સામાવાળાનાઓ ધ્વારા અરજદારની કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી કે અરજદારની અરજી વિરુધ્ધ કોઇ જવાબ પણ રજુ કરવામાં આવેલ નથી. એ સંજોગોમાં આ કામના સામાવાળા ધ્વારા અરજદારના લગ્ન સંબંધને પડકારી ચોકકસ ઈન્કાર કરેલ હોય તેવું જણાતુ નથી. તેમજ અરજદાર સામાવાળા નં.૧ ના કાયેદસરનાં પત્ની હોવાનું ફલીત થાય છે. વધુમાં અરજદારનો સોગંદ ઉપરનો પુરાવો લક્ષમાં લેતાં આ કામના સામાવાળાઓ ધ્વારા અરજદાર ઉપર ઘરેલુ હિંસા આચરવામાં આવેલ હોવાની હકીકતને સમર્થનકારક પુરાવો આપેલ છે તેમજ આ કામના સામાવાળાઓએ પોતાની સામેના આક્ષેપોનું ખંડન થતુ હોય તે પ્રકારની કોઈ હકીકત આ કામે હાજર થઈ રજુ કરેલ નથી કે પોતાના સમર્થનમાં કોઇ પુરાવો રજુ કરેલ નથી. વધુમાં અરજદારે તેઓની અરજીમાં એવુ જણાવેલ છે કે, તેમના સોના ચાંદીના દાગીના તેમજ અન્ય સ્ત્રીધન સામાવાળા પાસે રહેલ છે પરંતુ આ હકીકતના સમર્થનમાં અરજદાર તરફે સ્ત્રી ધન સબંધેના કોઇ બીલ આ કામે રજુ કરેલ નથી. વધુમાં, અરજદારને લગ્ન સમયે તેમના પિયર તરફથી સોના ચાંદીના દાગીના તેમજ અન્ય ચીજવસ્તુ આપવામાં આવેલ તે બતાવતો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ રાખેલ નથી. જેથી અરજદારના સોના-ચાંદીના દાગીના તેમજ અન્ય ચીજવસ્તુઓ સામાવાળા પાસે છે તેવુ પુરાવા સીવાય માની શકાય તેમ નથી. જેથી અરજદારની સ્ત્રી ધન તથા કરીયારવરની વસ્તુ સામાવાળા પાસે હોવાનું પુરવાર થતુ નથી. અરજદારની અરજી ધ્યાને લેતાં, આ કામના સામાવાળા નં.૧ અરજદારના પતિ અને સામાવાળા નં.ર અરજદારના સસરા તેમજ સામાવાળા નં.૩ જેઠ, સામાવાળા નં.૪ અરજદારના જેઠાણી, સામાવાળા નં.પ અરજદારના જેઠનો દિકરો થાય છે અને તમામ સંયુકત કુટુંબમાં ભેગા રહે છે જેથી આ કામના અરજદાર અને સામાવાળાઓ વચ્ચે ઘરેલુ સબંધ છે તેવુ માનવાને કારણ રહે છે. અરજદારની અરજી ધ્યાને લેતાં, આ કામના તમામ સામાવાળાઓએ અરજદાર

ઉપર ઘરેલુ હિંસા આચરેલ હોવાનુ જણાઇ આવે છે. વધુમાં કાયદાની કલમ–૩ મુજબ ઘરેલું હિંસાખોરીની વ્યાખ્યા મુજબ કોઈ પણ સ્ત્રી વિરૂધ્ધ શાબ્દિક અને લાગણી સાથેનો દુર્વ્યવહાર, શારીરીક દુર્વ્યવાર, જાતીય દુર્વ્યવહાર, આર્થિક દુર્વ્યવહારને સાંકળી લેવામા આવેલ છે. હાલના અરજદારે સરતપાસના સોગંદનામામાં જણાવે છે કે, આ કામનાં સામાવાળાનાઓએ શારીરીક માનસીક ત્રાસ યાતના આપી અરજદારનો ત્યાગ કરેલ છે. જેનું આ કામના સામાવાળા ધ્વારા કોઈ ખંડન કરવામાં આવેલ નથી તેમજ આ તમામ પ્રવૃતિને ઘરેલું હિંસાખોરીની વ્યાખ્યામાં સાંકળી લીધેલ હોય, આ કામનાં સામાવાળાનાઓએ અરજદાર સાથે ઘરેલુ હિંસા આચરેલ છે તેવું માનવાને કારણ રહે છે. જેથી મુદા નં.૧ નો જવાબ અંશત: હકારમાં ઠરાવવામાં આવે છે. વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો નારાયણ ગણેશ દાસ્તાને વિ. સુચિતા નારાયણ દસ્તાને એ.આઇ.આર. ૧૯૭૫ એસ.સી.૧૫૩૪ માં નામદાર સર્વોચ્ચ અદાતલ ધ્વારા એવું ઠરાવવામાં આવેલ છે કે મેટ્રીમોનીયલ ડીસ્પ્યુટમાં ક્રિમીનલ જ્યુરીસ્પ્રુડન્સનો સિધ્ધાંત લાગુ પડતો નથી અને તે મુજબ કૌટુંબીક હિંસા સામે સ્ત્રીઓના રક્ષણ બાબત અધિનિયમમાં ક્રિમીનલ જ્યુરીસ્પુડન્સનો સિધ્ધાંત લાગુ પાડી શકાય નહી, અરજદારે તેમનો કેસ પુરવાર કરવા માટે શકયતાની પ્રબળતા (Preponderance of Probability) કે બતાવવાની હોય છે.

**<u>મુદ્દા નં. ૨ :–</u>**

(૯) આ કામે મુદા નં.ર અંગે રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામના અરજદાર સામાવાળા નં.૧ ના કાયદેસરના પત્ની થતા હોવાની હકીકત તથા આ કામના સામાવાળાથી અરજદાર અલગ રહેતા હોવાની હકીકત રેકર્ડ ઉપર સ્વિકૃત હકીકત છે. આ કામના અરજદારનાએ પોતાની અરજી તથા સોગંદ ઉપરના પુરાવામાં આ કામના સામાવાળાઓ અરજદારને શારીરિક–માનસિક ત્રાસ આપી તેણીનો કોઈ પણ જાતના વાજબી કારણ વિના ત્યાગ કરેલ હોવાનું જણાવેલ છે. આમ, આ કામના સામાવાળા નાઓએ અરજદારને શારીરીક માનસીક ત્રાસ આપી, કાઢી મુકેલ હોવાનું પુરવાર થાય છે. જેથી ડી.વી.એકટની કલમ–૧૮ મુજબ અરજદારનાઓ સામાવાળાઓ વિરૂધ્ધ રક્ષણ હુકમ મેળવવા હકકદાર બને છે તેવું આ કોર્ટનું માનવું છે.વધુમાં

આ કામના અરજદારને તેડી જવા માટે આજદિન સુધી સામાવાળા ધ્વારા કોઈ પ્રયત્ન કરવામાં આવેલ હોય કે આ કામના અરજદારનાં રહેઠાણની તેમજ ભરણ પોષણ માટેની વ્યવસ્થા કરવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત સામાવાળા તર્ફે રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. તેમજ કુંટુંબ કે સમાજના આગેવાનો થકી અરજદારને તેડવા માટેના પ્રયત્ન કરેલ હોય તેવી કોઈ હકિકત રેકર્ડ ઉપર આવેલ નથી. સામાન્ય સંજોગોમાં પત્ની પોતાના પતિની સામે સાચો ના હોય તેવો આક્ષેપ કરીને પોતાના સંસારને ડામાડોળ બનાવવાનો પ્રયત્ન કદાપી કરે નહી. અરજદારની અરજી ધ્યાને લેતાં, આ કામનાં સામાવાળા નં.૧ જે રીતે જીવન જીવે છે, તે રીતે જીવન જીવવાનો અરજદારોને હકક અને અધિકાર છે. અરજદાર તરફે એવું જણાવેલ છે કે, સામાવાળા નં.૧ ખેતી અને કોન્ટ્રાકટનો ધંધો કરે છે અને માસિક રૂા.૫૦,૦૦૦/- (પચાસ હજાર) કમાય છે. પરંતુ સદરહું હકીકતનાં સમર્થનમાં અરજદાર તરફે કોઈ અધિકૃત પુરાવો રજુ થયેલ નથી. જેથી આ કામનાં સામાવાળાની આવક સંબંધેનો કોઈ પુરાવો આવેલ ના હોય, જેથી આ હકિકત માની શકાય તેમ નથી. પરંતુ અરજદાર ધ્વારા સામાવાળાની આવક અંગેનો કોઈ ચોકકસ પુરાવો રજુ કરેલ નથી. તેમજ આ કામે રેકર્ડ ઉપરનો પુરાવો લક્ષમાં લેતાં આ કામના સામાવાળા કોઇ આવક ધરાવતા નથી કે કોઇ આવક મેળવવા સક્ષમ નથી તેવું કોર્ટ સમક્ષ રેકર્ડ ઉપર આવતુ નથી. આ કામે જયારે સામાવાળાની આવક અંગે કોઇ ચોકકસ પુરાવો રજુ થતો ન હોય ત્યારે એબલ બોડીના સિધ્ધાંતને ધ્યાને લઇ સામાવાળાની આવક અંગે અનુમાન કરવામાં આવે તો અરજદાર ધ્વારા પોતાના ભરણપોષણ પેટે માંગવામાં આવેલ માસીક રૂા.૧૦,૦૦૦/- વધુ પડતી જણાય છે. તેવા સંજોગોમાં ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંતો લક્ષમાં લેતાં ભરણપોષણની રકમ એટલી બધી વધારે પડતી ન હોવી જોઇએ કે પત્નીને પતિગૃહે જવાની ઇચ્છા જ ન થાય તેમજ એટલી ઓછી પણ ન હોવી જોઇએ કે પત્નીનું ભરણપોષણ ન થઇ શકે. આમ, સામાવાળાની આવક ધ્યાને લેતાં અજદારને રૂા.૩,૦૦૦/- જેવી રકમ મંજુર કરવામાં આવે તો તેમનું ગુજરાન વધુ સારી રીતે કરી શકે તેવુ મારૂ માનવું છે.

(૧૦) વધુમાં, અરજદારની અરજી ધ્યાને લેતાં, અરજદાર હાલમાં તેઓના માતા-પિતા સાથે રહે છે. અરજદારના બાળકો હાલમાં સામાવાળા સાથે રહે છે. આ

હકીકત ધ્યાને લેતાં રહેઠાણ અંગે કોઇ હુકમ કરવો ન્યાયોચિત જણાતુ નથી. વધુમાં, આ કામે અરજદારે ડી.વી.એકટની કલમ–૨૩ મુજબ અરજદારના બાળકો આ કામના સામાવાળા સાથે હોય, આ બાળકોને સામાવાળાઓ અરજદારને રાજીખુશીથી મળવા દે તે સારૂ હુકમ કરવા વિનંતી કરેલ છે. પરંતુ, હાલની અરજીનો આખરી ન્યાયીક નિર્ણય કરવામાં આવેલ હોય, ડી.વી.એકટ ની કલમ–૨૩ અન્વયે બાળકોને મળવા બાબતેનો કોઇ હુકમ કરવો ન્યાયોચિત જણાતુ નથી. આ કામે રેકર્ડ ઉપરનો પુરાવો લક્ષમાં લેતાં આ કામના સામાવાળા નં.૧ કોઈ આવક ધરાવતા નથી કે કોઈ આવક મેળવવા સક્ષમ નથી તેવું કોર્ટ સમક્ષ રેકર્ડ ઉપર આવતુ નથી. આ ઉપરાંત, આ કામના અરજદાર રહેવાની વ્યવસ્થા ખર્ચ વિગેરે નાણાંકીય સહાય અપાવવા તથા વળતર મેળવવા દાદ માંગેલ છે. પરંતુ આ કામે ડી.વી.એકટની કલમ–૨૦ ની જોગવાઇઓ ધ્યાને લેતાં આ કામના અરજદારને સામાવાળા ધ્વારા આપવામાં આવેલ શારીરિક માનસિક ત્રાસના કારણે તેણીએ કોઈ આવક ગુમાવી હોય કે કોઈ દાકતરી ખર્ચ થયેલ હોય કે તેઓની કોઈ મિલ્કત છીનવી લેવાથી નુકશાન થયેલ હોય વિગેરે બાબતે કોઈ આધાર પુરાવો રજુ કરેલ ન હોય કે તે અંગે કોઇ સાહેદોને સોગંદ ઉપર તપાસવામાં આવેલ ન હોય તેમજ આવી કોઇ હકીકતો રેકર્ડ ઉપર પુરવાર કરવામાં અરજદાર નિષ્ફળ નિવડેલ છે. આ કામે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના સામાવાળા ધ્વારા અજદાર ઉપર ઘરેલું હિંસા આચરવામાં આવેલ હોવાનું પુરવાર થતુ હોય ત્યારે આ કામના અરજદાર ડી.વી.એકટની કલમ–૨૨ મુજબ સામાવાળા પાસેથી નાણાંકીય વળતર મેળવવા હકકદાર બને છે. આ કામે અરજદાર ઉપર સામાવાળાઓ ધ્વારા આચરવામાં આવેલ શારીરિક માનસિક ત્રાસ બદલ અજદારને રૂા.૨૫,૦૦૦/– ની નાણાંકીય વળતર મેળવવા હકકદાર બનતા હોવાનું અત્રેની અદાલતનું માનવું છે. જેથી તે મુજબ આ કામે મુદા નં.૨ નો જવાબ અંશત: હકારમાં ઠરાવવામાં આવે છે અને અજદારની અરજી અંશત: મંજુર થવાપાત્ર હોય, ન્યાયના વિશા હિતમાં મુદા નં.૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

અરજદારની અરજી અંશત:મંજુર કરવામાં આવે છે.

(૧) ધી ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ–૧૮ મુજબ આ કામના સામાવાળા નાઓ અરજદારને કોઈપણ જાતની શારીરિક કે માનસિક હેરાનગતિ કરવી નહી કોઈપણ પ્રકારની ધમકી આપવી નહી તેમજ અરજદારના જાનમાલને નુકશાન થાય તેવુ કોઈ કૃત્ય કરવુ કરાવવુ નહી તેવો હુકમ ફરમાવવામાં આવે છે.

(૨) ધી ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ–૧૯ મુજબ ઉપર ચર્ચા કર્યા મુજબ રહેઠાણ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૩) ધી ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ:૨૦ મુજબ આ કામના સામાવાળા નં.૧ નાએ સદર અરજી દાખલ કર્યા તારીખથી અરજદારને દર મહીને રૂા.૩,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) ચુકવી આપવા તેવો હુકમ કરવામાં આવે છે. વધુમાં, જો અરજદાર અન્ય કાયદા હેઠળ સામાવાળા નં.૧ પાસેથી ભરણપોષણ અંગે કોઈ રકમ મેળવતા હોય તો હાલની રકમ તેમાં મજરે આપવાની રહેશે.

(૪) ધી ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ–૨૨ અન્વયે સામાવાળા નં.૧ નાઓને એવો આદેશ આપવામાં આવે છે કે, તેઓએ અરજદારને શારીરિક તેમજ માનસિક યાતના સબંધે રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) વળતર પેટે દિન–૩૦ માં ચુકવી આપવા.

આ અરજીના ખર્ચના રૂા.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) સામાવાળા નં.૧ નાઓએ અરજદારને ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.

ધી ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ–૨૪ મુજબ એક એક નકલ બન્ને પક્ષકારોને માંગણી કર્યેથી તથા એક નકલ સબંધીત પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટરશ્રીને તથા એક નકલ પ્રોટેકશન ઓફીસરશ્રીને વિનામુલ્યે માંગણી કરેથી અત્રેની કોર્ટથી સર્ટીફાઈડ નકલ પુરી પાડવી.

હુકમ આજરોજ તા.૨૦ મી, માહે: માર્ચ, સને:૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૦/૦૩/૨૦૨૬
સ્થળ–ખેડબ્રહમા

**(કે.જે.રાઠોડ)**
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ખેડબ્રહમા.
**JUDGE CODE NO.GJ00875**

//Mahavir//